સેવા, સદ્ભાવ, સમર્પણ અને સંસ્કૃતિ થકી કરીએ માનવતાને....

# સાર્થક

## ફાઉન્ડેશન ચેરીટેબલ ટ્રસ્ટ

*જીવદયા અને સામાજિક સેવા કાર્યો કરતી સંસ્થા*

**ટ્રસ્ટ રજી. નંબર F/1878/ભરૂચ**


રતનનગર કોમ્પલેક્ષ, સ્ટેશન રોડ, ભરૂચ-૩૯૨ ૦૦૧. ગુજરાત
મો. ૯૪૨૭૮ ૬૨૯૦૦









## સંસ્થાનો ઉદ્દેશ :–

" સાર્થક ફાઉન્ડેશન ચેરીટેબલ ટ્રસ્ટ " નો ઉદ્દેશ મૂંગા પશુ-પક્ષીઓની નિઃસ્વાર્થ નિઃશુલ્ક સેવા કરવી તથા સામાજીક રીતે અસરગ્રસ્ત માનવ જીવોને મદદરૂપ થવુ. તદ્ઉપરાંત પર્યાવરણના જતન સંવર્ધનના કાર્યો કરવા.



## સંસ્થાનું દુરગામી લક્ષ્ય :–

- અલગ અલગ સ્થળોએ બાળ સંસ્કાર કેન્દ્ર શરૂ કરવા.
- આ સંસ્કાર કેન્દ્રોમાં સરકારી-બીનસરકારી સંસ્થાઓમાંથી સેવા નિવૃત્ત વ્યકિતઓને સેવામાં જોડવા.
- પશુઓ માટેની હોસ્પિટલ શરૂ કરવી અને તેમાં અદ્યતન સુવિધાઓ ઉપલબ્ધ કરાવવી.
- સ્વાસ્થ્ય જાગૃતિના કાર્યક્રમો કરવા.
- વૃક્ષા રોપણ તથા પર્યાવરણને લગતા કાર્યો કરવા.
- વોટર હારવેસ્ટીંગ પ્રોજેકટ કરવા.
- આરોગ્ય કેમ્પનુ આયોજન કરવું.





## સંસ્થાના કાર્યોની રૂપરેખા :–

- પશુ - પક્ષી જેઓ માર્ગ અકસ્માતથી ઘવાયેલા હોય કે કોઇ રોગથી પીડાતા હોય તેમને તાત્કાલિક સારવાર આપવી.
- પશુઓની માંદગી તથા પીડા વધુ પડતી ગંભીર હોય તો તેમને ઉચ્ચ હોસ્પિટલમાં ખસેડવા અને ત્યાં તેમની યોગ્ય ચિકિત્સા કરાવવી. પશુ-પક્ષીઓ સંપૂર્ણ સાજા થયા બાદ ફરી પાછા તેમના મૂળ સ્થાને પરત મૂકવામાં આવે છે.
- ઉત્તરાયણના તહેવારમાં ઘવાયેલા પક્ષીઓની સારવાર માટે અલગ અલગ સ્થળો ઉપર કેમ્પ કરી તેમની સારવાર કરવામાં આવે છે. વધુ સારવારની જરૂર હોય તેવા પક્ષીઓને સુરતની 'બ્યુટી વિધાઉટ બ્રુટાલિટી' સંસ્થામાં દાખલ કરવામાં આવે છે.
- પશુ - પક્ષીઓના ખોરાક પાણી માટે અલગ અલગ સ્થળોએ પાણીના કૂંડા અને ખોરાક માટે ભોજન પાત્ર મૂકવા.
- સામાજીક આપત્તીથી ત્રસ્ત મનુષ્ય જીવોને આર્થિક રીતે આત્મનિર્ભર કરવાના પ્રયત્નો કરવા.
- સામાજીક - આર્થિક કે અન્ય રીતે પછાત વ્યકિતઓને જરૂર પડયે આર્થિક તથા તબીબી સહાય કરવી.
- કુદરતી હોનારત સમયે સમાજ કલ્યાણના કાર્યો જેવા કે કપડાં, ધાબળા, અનાજ-કરિયાણાનું વિતરણ તથા ઉનાળાના સમયમાં સ્લિપરનું વિતરણ વિગેરે....

# સંસ્થાના જીવદયાના કાર્યો

જીવદયાના ભાગરૂપે અત્યાર સુધીમાં **૪૦૦થી વધુ** મૂંગા જીવો માટે **પાણી પીવાનાં કુંડાનું નિઃશુલ્ક વિતરણ** કરવામાં આવ્યુ અને આ કાર્ય અવિરતપણે ચાલુ રાખેલ છે.

લગભગ **૨૫૦ જેટલાં** મૂંગા જીવો જેવાકે **ગૌવંશ, ગધેડા, કુતરાં તથા પક્ષીઓની સારવાર** કરવામાં આવી અને વધુ સારવારની જરૂર હોય તો ભરૂચ તથા કરજણ પાંજરાપોળ અને સુરતની 'બ્યુટી વિધાઉટ બ્રુટાલિટી' બર્ડસ હોસ્પિટલમાં મોકલવાની વ્યવસ્થા કરવામાં આવે છે. ઈજાગ્રસ્ત કૂતરાંઓને વી.એસ.પી.સી.એ. ચાપડ હોસ્પિટલ મોકલવામાં આવે છે.






સંસ્થા દ્વારા ભરૂચ ખાતે છેલ્લાં **૧૫ વર્ષથી મકરસંક્રાંતિ** દરમિયાન **ઘવાતા પક્ષીઓ માટે પ્રાથમિક સારવાર કેમ્પ**નું આયોજન કરવામાં આવે છે. આ અન્વયે એક મહિના અગાઉથી પ્રચાર-પ્રસાર કરી લગભગ ૫૦ સ્કુલોના અંદાજે **૫૦,૦૦૦ વિદ્યાર્થીઓનો સંપર્ક** કરવામાં આવે છે. મકરસંક્રાંતિ દરમિયાન થતી માનવ જાનહાનિ તથા પક્ષીઓને થતાં નુકસાનની માહિતી આપી જાગૃતિ લાવવા માટે સંપર્ક કરવામાં આવે છે અને હેલ્પલાઇન નંબર લખાવવામાં આવે છે. ૨૦૧૮થી મકરસંક્રાંતિ પછી જે દોરા રસ્તા પર, ધાબા પર તથા ઝાડ પર હોય તેને ભેગા કરવાનું અભિયાન ચાલુ કરવામાં આવ્યુ છે. ૨૦૧૮માં લગભગ **૧૫૦ કિલો**, ૨૦૧૯માં **૬૫૦ કિલો દોરા** બાળકો દ્વારા **ભેગા કરવામાં આવ્યા** હતા. બાળકોને પ્રોત્સાહન રૂપે પુસ્તક - બોલપેન આપવામાં આવે છે. સાર્થક ફાઉન્ડેશન અને વન વિભાગ દ્વારા **૫૨૦૦ બાળકોને** સંસ્થા તથા વનવિભાગ તરફથી સંયુકત રીતે કરૂણા અભિયાન અંતર્ગત **પ્રમાણપત્ર** આપવામાં આવ્યા હતાં.






૨૦૧૮-૧૯માં લગભગ **૧૦૦થી વધુ** મૂંગા પશુઓના **ગળામાં - શીંગડા પર રેડીયમ પટ્ટી** લગાડવામાં આવી જેનાથી તેમનો બચાવ અને સુરક્ષા થાય તથા માનવ જાનહાની ટાળી શકાય. ૨૦૨૧ માં **૩૦૦થી વધુ રેડીયમ બેલ્ટ** બાંધવાનું આયોજન ભરૂચ - અંકલેશ્વર - દહેજ હાઇવે ખાતે કરવામાં આવેલ છે.

ભરૂચ ખાતે પ્રથમ વખત **મૂંગા જીવો માટે ભોજન પાત્ર** યોજના ચાલુ કરવામાં આવી છે જેમાં ૧૦ સોસાયટીમાં ભોજનપાત્ર મુકવામાં આવ્યા છે જેમાં ત્યાંના રહેવાસી દ્વારા ઘરમાં વધેલા ભોજન તથા શાકભાજી મુકવાની વ્યવસ્થા સંસ્થા દ્વારા કરવામાં આવી, જેનાથી મૂંગા જીવોને શુધ્ધ ખોરાક મળી રહે. આવનારા વર્ષોમાં **૨૦૦થી વધુ ભોજનપાત્ર** મુકવાનું આયોજન કરવામાં આવેલ છે.






# સામાજીક તથા પર્યાવરણ લક્ષી કાર્યો

- **દિકરીઓમાં સંસ્કાર સિંચન** માટે ''બહેના તુમસે કુછ કહેના'' કાર્યક્રમમાં ૨૦ સ્કુલમાંથી **૬૫૦ દિકરીઓએ** ભાગ લીધો જેમાં શ્રી યુગરાજજી જૈનનું **વકતવ્ય** રાખવામાં આવ્યુ હતુ.
- ગૌરીવ્રત - નવરાત્રીના ઉત્સવ દરમ્યાન દિકરીઓને **માર્ગદર્શન** આપતી **૨૦,૦૦૦ પત્રિકાનું** વિતરણ કરવામાં આવ્યું.
- શ્રી રાજીવજી દિક્ષીતની **સ્વાસ્થ્ય સુરક્ષા શિબિર** કરવામાં આવી જેમાં **૩૫૦થી વધુ** લાકોએ ભાગ લીધો.
- ચિલ્ડ્રન હોમ ખાતે **૨૩૦થી વધુ વૃક્ષારોપણ** કરવામાં આવ્યું, જેમાં ૩૦થી વધુ ફળાઉ છોડનું વાવેતર કર્યું. જેથી ત્યાંના બાળકોને દરેક સીઝનમાં ફળોનો લાભ મળી રહે.
- **બાળ સંસ્કાર કેન્દ્ર** ચલાવવામા આવી રહ્યું છે જેમાં લગભગ **૪૦ થી ૫૦ બાળકોને શૈક્ષણિક જ્ઞાન** આપવામાં આવે છે તથા **સંસ્કાર સિંચન** કરવામાં આવે છે.


અન્નદાન


ગૌવંશને ચારો



કુદરતી હોનારત સમયે ખીચડી-કઢી-શાકનુ વિતરણ



મોચીભાઇઓને અનાજની કીટ

- કોરોના સમયમાં **મોચીકામ કરનાર મોચી ભાઇઓ** ઉપર આવેલ આર્થિક સંકટમાં સહાયરૂપ થવાના આશયથી ભરૂચ શહેરના તમામ (૩૦) ભાઇઓને એક માસ ચાલે તેટલુ **અનાજ-કરિયાણુ તથા અન્ય જીવન જરૂરી સામાનની કીટ** આપવામાં આવી.
- કોરોના સમય દરમ્યાન બે નંગ **ઓકિસજન કોન્સનટ્રેટર** ભરૂચની 'સેવા યજ્ઞ સમિતિ' સંસ્થાને સેવા અર્થે આપવામાં આવ્યા.
- **કોવિડના દર્દીઓને** રોજ **લીંબુ શરબત** (૧૦ લીટર) આપવામાં આવ્યું.
- કોરોના સમય દરમ્યાન માનવ તથા મૂંગા જીવો માટે સંસ્થા દ્વારા **૨૦,૦૦૦ રોટલા, ૨૦૦ કિલો ગોળ, ૪૦૦૦ કિલો ઘાસ, ૬૦૦૦ નંગ પાર્લેજી બિસ્કીટ**ના પેકેટનું સંસ્થાના કાર્યકરો દ્વારા અલગ અલગ સ્થાને **વિતરણ** કરવામાં આવ્યું.
- **બેઘર વ્યક્તિઓને** રહેવાની, જમવાની તથા દવાની **સુવિધા** પુરી પાડવામાં આવી.
- સંસ્થા દ્વારા નજીકના ભવિષ્યમાં **નેગેટીવ બ્લડ ગ્રૃપ** ધરાવતા વ્યક્તિઓની **ડીરેકટરી** તૈયાર કરી તેનો ઉપયોગ ઇમરજન્સી જરૂરીયાતના સમયે થાય તેવુ આયોજન હાથ ધરેલ છે.


ઓકસીજન કોન્સેનટ્રેટર મશીન
કોરોના સમયમાં સેવા માટે


ઉત્તરાયણ દરમિયાન પક્ષી બચાવો કેન્દ્ર


ભરૂચ ચિલ્ડ્રન હોમ ખાતે
૨૩૦ રોપાઓનુ વૃક્ષારોપણ



ભરૂચ ચિલ્ડ્રન હોમ ખાતે
વૃક્ષારોપણ જાગૃતિ અભિયાન



'પક્ષી બચાવો'
જાગૃતિ અભિયાન રેલી


'વિશ્વ ચકલી દિવસ' નિમિત્તે
ચકલીના માળાનું નિઃશુલ્ક વિતરણ


બાળ સંસ્કાર કેન્દ્ર


બાળ સંસ્કાર કેન્દ્ર ખાતે
વિવિધ સ્પાર્ધાઓનું આયોજન

# અબોલ જીવો માટેના સેવા કાર્યો



૬૫૦ કિલો પતંગના દોરા એકત્રિત કર્યા




૭૫૦૦ નંગ ચકલીના માળાનું નિઃશુલ્ક વિતરણ




૪૦ નંગ પ્રાથમિક સારવાર કિટનું નિઃશુલ્ક વિતરણ




૪૫૦થી વધુ પાણી પીવાના પાત્રનું નિઃશુલ્ક વિતરણ




૨૫ નંગ ભોજન પાત્રનું નિઃશુલ્ક વિતરણ



૧૦ નંગ ડોગ હાઉસનું નિઃશુલ્ક વિતરણ



૪૦ નંગ પક્ષીઓના ચણના પાત્રનું નિઃશુલ્ક વિતરણ



૬૦૦ નંગ પક્ષીઓને પાણી પીવાના પાત્રનું નિઃશુલ્ક વિતરણ

બી.જી.પી. ગ્રુપ કંપનીઝ તથા સાર્થક ફાઉન્ડેશન ચેરીટેબલ ટ્રસ્ટના સંયુકત ઉપક્રમે હાઇડ્રોલીક એમ્બ્યુલન્સ નં. : GJ-16 AV 3632ના માધ્યમથી તથા સંસ્થાના પ્રાથમિક ચિકિત્સકોના સહયોગથી અબોલ જીવોની નિઃશુલ્ક ચિકિત્સા કરવામાં આવી રહી છે. જરૂર હોય એવા અબોલ જીવોને ભરૂચ, કરજણ પાંજરાપોળ તથા વી.એસ.પી.સી.એ. ચાપડ ડોગ હોસ્પિટલમાં વર્ષ ૨૦૧૮ થી ૨૦૨૧ જુલાઇ સુધી નીચે મુજબ અબોલ જીવોને સારી ચિકિત્સા અર્થે મોકલવામાં આવ્યા છે.



**DONATE**
**SARTHAK FOUNDATION CHARITABLE TRUST**
By UPI Scan Here

| વર્ષ | ગાય તથા વાછરડા | ગધેડા | કુતરા | પક્ષી |
|---|---|---|---|---|
| ૨૦૧૮ | ૨ | ૧૦ | ૫ | ૧૫ |
| ૨૦૧૯ | ૩ | ૨૦ | ૮ | ૧૮ |
| ૨૦૨૦ | ૪ | ૨૩ | ૧૧ | ૨૩ |
| ૨૦૨૧ જુલાઇ સુધી | ૧૫ | ૨૦ | ૪૦ | ૩૨ |
| કુલ સંખ્યા | ૨૪ | ૭૩ | ૬૪ | ૮૮ |

**નમ્ર અપીલ :** સંસ્થા નજીકના ભવિષ્યમાં ભરૂચ ખાતે પ્રથમ અબોલ જીવો માટે અદ્યતન હોસ્પિટલ નિર્માણનુ ભગીરથ કાર્ય કરવા જઇ રહી છે જેને માટે આપ દાતાશ્રીઓને અબોલ જીવોના ઇલાજ અને તેમની વેદનામાં રાહત અર્થે ઉદાર હાથે દાન આપવા અપીલ કરીએ છીએ. સૂચીત હોસ્પિટલ માટે દાતાશ્રી તરફથી ભૂમિદાન મળી ગયેલ છે. આપના દ્વારા આપેલ દાનની રકમ 80G પ્રમાણે ઇન્કમટેક્ષમાં રાહતને પાત્ર રહેશે.

## અબોલ જીવોની સૂચીત હોસ્પિટલ માટે અંદાજિત ખર્ચ પત્રક (૭,૦૦૦ સ્કે.ફુટ)

| વિગત | અંદાજીત ખર્ચ | વિગત | અંદાજીત ખર્ચ |
|---|---|---|---|
| **૧. બાંધકામનો અંદાજીત ખર્ચ**<br>ઓપરેશન થિયેટર, ઓપીડી રૂમ, દવાઓનો રૂમ, એડમીનીસ્ટ્રેટીવ તથા ડૉકટરનો ઓફીસ રૂમ, સર્વન્ટ કવાર્ટર, ડૉકટર કવાર્ટર, સીકયોરીટી કેબીન, કમ્પાઉન્ડ વોલ, ટોઇલેટ - બાથરૂમ, પાણીની ટાંકી (અન્ડરગ્રાઉન્ડ તથા ઓવરહેડ), પાણીના હવાડા. | ૩૦,૦૦,૦૦૦ | **૪. મેડિકલ સાધનોનો અંદાજીત ખર્ચ**<br>એક્સ-રે મશીન, સર્જિકલ કીટ, ડેન્ટ્રોકિયા કીટ, પશુઓને ઉભા કરવાની ઘોડી, મોટરાઇઝ્ડ ટ્રોલી, સ્ટીલ સ્ટ્રેચર, ફ્રિઝ, દવાનાં રેક, તિજોરી | ૧૨,૦૦,૦૦૦ |
| | | **૫. પાણીના બોરીંગનો અંદાજીત ખર્ચ** | ૨,૦૦,૦૦૦ |
| | | **૬. IT સાધનો** - કોમ્પ્યુટર, પ્રિન્ટર, CCTV કેમેરા | ૨,૦૦,૦૦૦ |
| **૨. શેડનો અંદાજીત ખર્ચ**<br>ગૌવંશનો શેડ, કૂતરાઓનો શેડ, ઘાસચારાનો શેડ, પક્ષીઓના પીંજરા, અન્ય શેડ. | ૪,૦૦,૦૦૦ | **૭. ઇલેક્ટ્રીકલ સાધનોનો અંદાજીત ખર્ચ**<br>GEB કનેક્શન, DG સેટ, પાણીની મોટરો, ઓફિસ માટે પંખા-ટ્યૂબલાઇટ, પ્રાણીઓના શેડના ઇન્ડસ્ટ્રીયલ પંખા-ટ્યૂબલાઇટ,એક્ઝોસ્ટ પંખા, સ્ટ્રીટ લાઇટ થાંભલા સાથે | ૫,૦૦,૦૦૦ |
| **૩. દવાઓનો અંદાજીત ખર્ચ** | ૧,૦૦,૦૦૦ | | |

**હેતલભાઇ શાહ - 94298 62900**
sarthakbharuch@gmail.com
www.sarthakfoundationcharitabletrust.com
રતનનગર કોમ્પલેક્ષ, સ્ટેશન રોડ, ભરૂચ - ૩૯૨ ૦૦૧. ગુજરાત

**BANK DETAIL**

BANK : Indian Overseas Bank
A/c. Name : Sarthak Foundation Charitable Trust
A/c. No. : 111602000001565
IFSC : IOBA0001116
PAN : ABATS0285N

SHILPI@9978005535